સમાજવિજ્ઞાનના પીએચ.ડી., પોસ્ટ પીએચ.ડી. વિદ્યાર્થીઓ
અને આસિસ્ટન્ટ પ્રોફેસરો માટેનો

# તાલીમ કાર્ય શિબિર

## ``સમાજવિજ્ઞાન સંશોધનઃ લેખન કૌશલ્ય અને  પ્રકાશન"

## તારીખઃ 1 જૂન થી 7 જૂન, 2022


## સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
ઉધના-મગદલ્લા રોડ, સુરત - 395 007.
ફોનઃ 0261-2977172/174,
ફેકસ : 0261-2977017
ઈ-મેઈલઃ webinar@css.ac.in

ICSSR નવી દિલ્હી પ્રાયોજિત

**``સમાજવિજ્ઞાન સંશોધનઃ લેખન કૌશલ્ય અને પ્રકાશન''**

પરનો તાલીમ કાર્યક્રમ – સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, સુરત - 395 007.

**તારીખઃ 1 જૂન થી 7 જૂન, 2022**

## રજીસ્ટ્રેશન ફોર્મ

**(ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ 14 મે, 2022)**

| | | | |
|---|---|---|---|
| 1. | નામ | : | |
| 2. | જન્મ તારીખ (ઉંમર) | : | |
| 3. | લિંગ (પુરૂષ/ સ્ત્રી) | : | |
| 4. | સામાજિક શ્રેણી | : | સામાન્ય / SC/ ST/ OBC/ PHs/ લઘુમતી |
| 5. | શૈક્ષણિક લાયકાત અને વિદ્યાશાખા | : | |
| 6. | પીએચ.ડી., પોસ્ટ પીએચ.ડી.નો અભ્યાસ? | | |
| 7. | સંસ્થા અથવા યુનિવર્સિટીનું નામ (પીએચ.ડી., પોસ્ટ પીએચ.ડી. નોંધાયેલ) | : | |
| 8. | સંશોધન કાર્યની વર્તમાન સ્થિતિ | : | સાહિત્યની સમીક્ષા/ ડેટા એકત્ર કરવો/ ડેટાનું વિશ્લેષણ કરવું/ થીસીસ લખવું / અન્ય |
| 9. | સંશોધનનો વિષય/ શિર્ષક (હાલના સંશોધન કાર્ય સંબંધિત એક પાનાની વિગત આ સાથે બીડવી) | : | |
| 10. | પત્ર-વ્યવહારનું સરનામું | : | |
| 11. | મોબાઈલ નંબર | : | |
| 12. | ઈ-મેઈલ આઈ-ડી | : | |
| 13. | રહેઠાણની જરૂરીયાત છે ? | : | હા ના |
| 14. | તમે અત્યાર સુધીમાં આ સંસ્થા દ્વારા યોજાયેલ સંશોધન કાર્યશિબિરમાં હાજરી આપી છે? | : | હા ના<br>કયા વર્ષે |

આ સાથે હું પ્રમાણિત કરું છું કે ઉપરોકત માહિતી મારી સમજ પ્રમાણે સાચી છે અને આ સાથે મારું રજીસ્ટ્રેશન ફોર્મ સુપ્રત કરું છું. હું તાલીમ શિબિરમાં જોડાઈશ તે દરમ્યાન સંસ્થાના નિયમો મને માન્ય રહેશે.

(અરજદારની સહી)

તારીખઃ

સ્થળઃ

હેડ/ડીન/ સુપરવાઈઝર

દ્વારા ભલામણ/સહી

**સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત**

સેન્ટર સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતી રાષ્ટ્રીય કક્ષાની સમાજ વિજ્ઞાનની સંશોધન સંસ્થા છે. ઈ.સ. 1969માં ભારત સરકારે ઈન્ડીયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચ એટલે કે ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદની (ICSSR)ની સ્થાપના કરી. કાઉન્સીલનો મુખ્ય ઉદ્દેશ સમાજવિજ્ઞાનના જુદાં જુદાં ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક સંશોધનના કાર્યને આર્થિક અને બીજી સહાય દ્વારા પ્રોત્સાહન આપવાનો અને વિકાસ કરવાનો છે. સેન્ટરની શરૂઆત કાઉન્સિલની શરૂઆત થઈ તે સમયે એટલે કે 1969માં તદ્દન નાના પાયા પર થઈ હતી. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર આઈ.પી. દેસાઈ, સંસ્થાના સ્થાપક નિયામક હતા.

**અભિગમ**

સમાજવિજ્ઞાનની જુદી જુદી વિદ્યાશાખાઓનો સમન્વય કરી સમાજવિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન કરવાનું કામ એ સેન્ટરની મુખ્ય પ્રવૃત્તિ છે. આ ઉપરાંત શિક્ષણ અને તાલીમ આપવાનું, સંશોધન અંગે માર્ગદર્શન આપવાનું, સલાહ આપવાનું, અને દેશના વિકાસનાં કામોના આયોજન અને મૂલ્યાંકનનું કામ પણ તે કરે છે.

સંસ્થા ગુજરાતમાં વસી છે. એટલે તેનું મુખ્ય કાર્યક્ષેત્ર ગુજરાત છે, જો કે અનકૂળતાના કારણે દક્ષિણ ગુજરાતના વધુ અભ્યાસો થયા છે. તે સાથે રાષ્ટ્રિય કક્ષાના અને બીજા રાજ્યો સાથેના તુલનાત્મક અભ્યાસો પણ થયા છે કે જેથી સમાજના પ્રવાહોને સમજવાનો પરિપ્રેક્ષ્ય વિસ્તૃત બને. જો કે સમગ્ર સમાજ એ અમારું કાર્યક્ષેત્ર છે, પરંતુ નબળા વર્ગો જેવા કે આદિવાસી, દલિત અને બીજી લઘુમતીઓ તેમજ ગ્રામીણ વિસ્તાર પર અમે અમારું ધ્યાન સવિશેષ પણે કેંદ્રિત કર્યું છે. આ સમાજના વિકાસના સવાલો, તેમની સંસ્કૃતિ, સામાજિક રીતરિવાજો, શિક્ષણ, અસ્પૃશ્યતા, આંદોલનો, નેતાગીરી વગેરે અંગેના અનેક અભ્યાસો સેન્ટરે કર્યા છે. અલબત્ત આ સાથે શહેરી પ્રશ્નો, ઔદ્યોગિકરણ, કામદાર વર્ગ વગેરે પણ અભ્યાસો થયા છે. સેન્ટર તેના દ્વારા થયેલ સંશોધનો તેમ જ અન્ય મહત્ત્વના વિષયો પર ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પુસ્તકો પણ પ્રકાશિત કરે છે. આ પૈકીના કેટલાંક પુસ્તકોને વિનિયોગ યુનિવર્સિટીઓના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં કરવામાં આવે છે. સંસ્થા છેલ્લાં ચાલીસ વર્ષોથી ગુજરાતીમાં સમાજવિજ્ઞાનની ત્રૈમાસિક જર્નલ `અર્થાત્' પ્રકાશિત કરે છે. આ જર્નલમાં ગુજરાતના સમાજવિજ્ઞાનના સંશોધકો તેમજ અધ્યાપકોને ગુજરાતીમાં લેખ પ્રકટ કરવાનો મંચ પૂરો પાડે છે. તેમજ મહત્ત્વના સૈધ્ધાંતિક, વૈચારિક અને દાર્શનિક વિષયો પર ગુજરાતીમાં વાંચન સામગ્રી પૂરી પાડે છે.

**સંશોધન પદ્ધતિના તાલીમ વર્ગ**

ગુજરાત અને ગુજરાતની બહારની કોલેજ અને યુનિવર્સિટીના શિક્ષકો અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે અવાર-નવાર સંશોધન પદ્ધતિમાં તાલીમ આપવા માટે 10 દિવસના તાલીમ વર્ગ સેન્ટર છેલ્લા ત્રણ દાયકાથી ચલાવી રહ્યું છે. અમે માનીએ છીએ કે સંશોધન પદ્ધતિ અને સંશોધન પ્રશ્નો ખૂબ જ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. સંશોધન પ્રશ્ન સ્પષ્ટ હોય તો પદ્ધતિઓ સમજવી અને તેનો

ઉપયોગ કરવો સરળ બને. તેથી જ 10 દિવસના તાલીમ શિબિરમાં સંશોધનના સવાલો, ઉપકલ્પનાઓ, સંશોધન પ્રપ્રોઝલ, માહિતી એકઠી કરવાની પદ્ધતિઓ, અવલોકન, આંકડાશાસ્ત્રી પદ્ધતિઓ, SPSS દ્વારા માહિતીનું પૃથક્કરણ અને અહેવાલ લેખન જેવા વિષયો આવરી લેવામાં આવે છે.

સંસ્થા પાસે અદ્યતન કોમ્પ્યુટર પ્રણાલી છે. જેનો લાભ વખતોવખત સેન્ટરના સંશોધન પ્રોજેકટ ઉપરાંત બહારના બૌદ્ધિકોને પણ મુકતપણે મળે છે. સંસ્થાએ સમાજવિજ્ઞાનના વિષયોને લગતુ પુસ્તકાલય વિકસાવ્યું છે. જેમાં 30,000 કરતા વધારે પુસ્તકો હોવા ઉપરાંત તેમાં દેશ-વિદેશથી 80 જર્નલો આવે છે. પી.એચડી.ના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના તેમજ યુનિવર્સિટીના અધ્યાપકોને એમના સંશોધનમાં જરૂરી માર્ગદર્શન આપવા માટે કન્સલટન્સી કાર્યક્રમ પણ વિકસાવ્યો છે.

**કાર્યશાળાનો હેતુ**

ગુજરાતની કોલેજો અને યુનિવર્સિટીઓના સમાજવિજ્ઞાનના અધ્યાપકો તેમ જ સંશોધકો માટે વિભિન્ન સ્વરૂપના આલેખનો જેવા કે અહેવાલ, લેખો, પુસ્તકો સંબંધિત લેખન કૌશલ્યના જુદા જુદા પાસા અંગે તેમ જ જુદા જુદા આલેખનોના પ્રકાશનને આનુષંગિક વિભિન્ન પાસાં અંગે માર્ગદર્શન આપવાના હેતુથી એક સપ્તાહની અવધિની એક કાર્યશાળા તા.01.06.2022 થી 07.06.2022 દરમ્યાન યોજવામાં આવેલ છે. આ કાર્ય-શિબિરમાં નીચે દર્શાવેલ વિષયો આવરી લેવાશે. આ કાર્યશિબિરની વિશેષતા એ છે કે તજજ્ઞો દ્વારા આપવામાં આવતી સમજ મહ્દશે ગુજરાતીમાં રહેશે. આ કાર્યશાળા ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન (ICSSR) ન્યુ દિલ્હીની નાણાકીય સહાય દ્વારા પ્રાયોજિત છે. આ કાર્યશાળામાં સમાજવિજ્ઞાનના Ph.D., Post Ph.D. કરતા સંશોધક તેમજ કોલેજ/ યુનિવર્સિટીના અધ્યાપકો જોડાઈ શકશે.

**ફેકલ્ટી**

આ કાર્યશાળામાં તજજ્ઞો તરીકે સેન્ટર તેમજ અન્ય સંસ્થા સાથે સંકળાયેલ ફેકલ્ટી સેવા આપશે.

**આવરી લેવાનાર વિષયો**

⇒ સમાજવિજ્ઞાન સંશોધનની પ્રવર્તમાન સ્થિતિ

⇒ સમાજવિજ્ઞાન સંશોધનમાં સૈધ્ધાંતિક અને દાશર્નિક બુનિયાદ

⇒ સંશોધન ડિઝાઈન

⇒ ઉપલબ્ધ સાહિત્યની સમીક્ષા, રીસર્ચ ગેપ, ગ્રંથસૂચિ અને સંદર્ભ શૈલી

⇒ સંશોધન દરખાસ્ત કેવી રીતે લખવી

⇒ સમાજવિજ્ઞાન સંશોધનમાં નીતિ શાસ્ત્ર અને થતી ગેરરીતિ

⇒ માહિતી વિશ્લેષણઃ કોઠા, ગ્રાફ તૈયાર કરવા અને અહેવાલમાં રજૂ કરવા

⇒ ભાષાનુવાદ અને અનુવાદઃ કેટલાંક મુદ્દાઓ

⇒ અહેવાલ, પુસ્તક અને લેખ સ્વરૂપે સંશોધન પ્રકાશિત કરવાની સમજ, બુક રીવ્યુ, abstract લખવી, શીર્ષક કેવી રીતે રજુ કરવું, વિભાવના કેવી રીતે લખવી

⇒ પ્રકાશન સંબંધિત જર્નલની ઓળખ, આ અનુસંધાનમાં સંપાદકનો કઈ રીતે સંપર્ક કરવો, how to avoid spurious journals

⇒ સમાજવિજ્ઞાનના સંશોધનને માતૃભાષામાં પ્રકાશિત કરવામાં પડકારો, મુદ્દાઓ, ISSN, API, SCOPUS, UGC - CARE LIST વિશે વિસ્તૃત સમજ

⇒ પ્રકાશનના વિવિધ તબક્કાઓઃ જર્નલની માર્ગદર્શિકાનું મહત્વ, સમીક્ષકની ટિપ્પણી અને સૂચન

⇒ ડીજીટલ પ્રકાશન જેમ કે બ્લોગ્સ, ઈ-જર્નલ વગેરેમાં : તકો અને પડકારો

**તાલીમાર્થીની સંખ્યાઃ** 30

**અવધિ :** 7 દિવસ (એક અઠવાડિયું)

**કાર્યશાળાની ફી (નિશુલ્ક) અને અન્ય બાબતો**

પસંદ પામેલ સહભાગીએ કાર્યશાળા માટે કોઈ શુલ્ક આપવાનું રહેશે નહીં. બહાર-ગામથી આવનાર સહભાગીઓને સંસ્થાના અતિથિગૃહમાં રહેવાની સગવડ મળશે. તદ્પરાંત સંસ્થાના ધારા ધોરણ પ્રમાણે તેમને આવવા-જવાનું ટ્રેન કે બસનું દ્વિતીય વર્ગ સ્લીપર કે તેને સમકક્ષ ભાડું મળવાપાત્ર રહેશે. રહેવા-જમવાની વ્યવસ્થા સંસ્થા પુરી પાડશે.

**રહેઠાણ (ગેસ્ટ હાઉસ)**

સંસ્થા પાસે ગેસ્ટ હાઉસની વ્યવસ્થા છે જેમાં ખંડની ફાળવણી ``વહેલો તે પહેલો'' ના ધોરણે કરવામાં આવશે.

**નોંધઃ રજીસ્ટ્રેશન ફોર્મ સેન્ટરની વેબસાઈટપર (www.css.ac.in) પરથી ડાઉનલોડ કરી જરૂરી માહિતી ભરીને પરત નીચેના સરનામે મોકલવું.**

**રજીસ્ટ્રેશન ફોર્મ મોકલવાની છેલ્લી તારીખઃ 14 મે, 2022**
**(પસંદગી પામેલ તાલીમાર્થીને ઈ-મેઈલ/ વોટસએપ દ્વારા જાણ કરવામાં આવશે.)**

**વધુ માહિતી માટે સંપર્કઃ-**

**વિમલ ત્રિવેદી અને સત્યકામ જોષી,**
કોર્સ ડાયરેકટર,
સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
ઉધના-મગદલ્લા રોડ, સુરત - 395 007.
ફોનઃ 0261-2977172/174, ફેકસ : 0261-2977017
ઈ-મેઈલઃ webinar@css.ac.in

**સંસ્થા વિશે વધુ માહિતી મેળવવા સંસ્થાની વેબસાઈટ www.css.ac.in ની મુલાકાત લો.**